પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૯૩ | ૩ જાન્યુઆરી, ૨૦૨૧, રવિવાર; માગશર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આનંદો - દેશવાસીઓને વિનામૂલ્યે વેક્સિન



**પ્રથમ તબક્કે ૩ કરોડ લોકોને જ ફ્રીમાં વેક્સિન અપાશે : ૧ કરોડ સ્વાસ્થ્ય કર્મચારી અને ૨ કરોડ ફ્રંટલાઇન વર્કર્સને વિનામૂલ્યે અપાશે રસી, પ્રાથમિકતા યાદીમાં સામેલ ૨૭ કરોડ લોકોને વેકસીન જુલાઇ સુધીમાં અપાશે : હર્ષવર્ધન દેશના તમામ રાજ્યોમાં ૧૧૬ જિલ્લામાં કોરોના વેક્સિનનું ડ્રાઇ રન કરવામાં આવ્યું, ડો.હર્ષવર્ધને જીટીબી હોસ્પિટલ જઇને તૈયારીઓનો રિવ્યૂ કર્યો**

ન્યુ દિલ્હી,તા.૨

કોરોના વેક્સિનેશન અંગે કેન્દ્ર સરકાર તૈયારીઓમાં લાગી ગઈ છે. તાજેતરમાં વેક્સિન માટે ઘણાં રાજ્યોમાં ડ્રાય રન સફળ રહ્યો. કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી ડો. હર્ષવર્ધને જીટીબી હોસ્પિટલ જઈને તૈયારીઓનો રિવ્યૂ કર્યો. તેમણે કહ્યું હતું કે અફવા પર ધ્યાન ન આપશો. સુરક્ષિત અને અસરકારક વેક્સિન અમારી પ્રાથમિકતા છે. પોલિયોના વેક્સિનેશન વખતે પણ ઘણી અફવાઓ ફેલાવાઈ હતી, પણ લોકોએ વેક્સિન લગાવડાવી અને આજે દેશ પોલિયોમુક્ત થઈ ચૂક્યો છે, સાથે જ સ્વાસ્થ્યમંત્રીએ કહ્યું- વેક્સિન દિલ્હીમાં જ નહીં, આખા દેશમાં ફ્રીમાં લગાડવામાં

### ભારત બાયોટેકની કોવેક્સીનને મંજૂરી

● અનુસંધાન પાન-૭ પર

## બીસીસીઆઈ પ્રમુખ અને જાણીતા ક્રિકેટર સૌરવ ગાંગુલીને હાર્ટ અટેક

**ગાંગુલી સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ : સૌરવ ગાંગુલી જીમમાં હતા ત્યારે તેમને ચક્કર આવી ગયા હતા એન્જિયોપ્લાસ્ટી કરાયા બાદ તબિયત સ્થિર**

નવી દિલ્હી,તા.૨

બીસીસીઆઈના પ્રમુખ સૌરવ ગાંગુલીને કોલકાતાની વૂડલેન્ડ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સૂત્રોના કહેવા પ્રમાણે તેમને હાર્ટ અટેક આવ્યો છે. ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીની હાલ હૉસ્પિટલ ખાતે સારવાર ચાલી રહી છે, તેમને એન્જિયોપ્લાસ્ટીમાંથી પસાર થવું પડ્યું હતું. હવે તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. છાતીના દુઃખાવાની ફરિયાદ બાદ તેમને હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.



વરિષ્ઠ ખેલ પત્રકાર બોરિયા મજૂમદારે જણાવ્યું કે, ગાંગુલી જીમમાં હતા ત્યારે તેમને ચક્કર આવી ગયા હતા. જે બાદમાં તેઓ ટેસ્ટ કરાવવા માટે હૉસ્પિટલ ગયા હતા. ગાંગુલીને હૃદય સંબંધીત બીમારી છે. જે બાદમાં હૉસ્પિટલના ડૉક્ટર સરોજ મંડલના નેતૃત્વમાં ત્રણ સભ્યનું બોર્ડ બનાવવામાં આવ્યું છે, જે તેમની સારવાર કરશે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ટ્વીટ કર્યું છે કે, એ જાણીને ખૂબ દુઃખ થયું કે સૌરવ ગાંગુલીને હળવો હૃદય રોગનો હુમલો આવ્યો છે અને તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હું તેમના સારા સ્વાસ્થ્યની કામના કરું છું. ગાંગુલી અને તેમના પરિવાર માટે પ્રાર્થના કરું છું. રિપોર્ટ પ્રમાણે સૌરવ ગાંગુલી છાતીમાં દુઃખાવા બાદ બેભાન થઈ ગયા હતા.૪૮ વર્ષીય ગાંગુલીની હાલત હવે સ્થિર છે. તેમને ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. શુક્રવારે સાંજે જીમ વખતે તેમણે છાતીમાં દુઃખાવાની ફરિયાદ કરી હતી. આજે બપોરે ફરીથી આવી ફરિયાદ બાદ પરિવાર તેમના હૉસ્પિટલ લઈ ગયો હતો.

## ભાજપની વેક્સિન નહીં લઉ : અખિલેશ

**હવે કોરોના વેક્સિન મામલે પણ મેલું રાજકારણ : કોરોનાની મહામારીમાં પણ યુપીના પૂર્વ મુખ્યપ્રધાને વિવાદાસ્પદ નિવેદન કરીને વિવાદ છેડ્યો**

લખનઉ, તા. ૨

ભારતમાં કોરોના મહામારી વચ્ચે પણ કેટલાક રાજકીય પક્ષો પોતાની બુદ્ધીનું પ્રદર્શન કરી રહ્યાં છે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે જાહેરમાં જ કોરોનાની વેક્સિન લેવાનો ઈનકાર કરી દીધો છે. તેમણે કહ્યું હતું કે, અમને ભાજપની કોરોના વેક્સિન પર વિશ્વાસ નથી જેથી હાલ અમે વેક્સિન નહીં લઈએ.

સમાજવાદી પ્રમુખ અને ઉત્તર પ્રદેશના પૂર્વ સીએમ અખિલેશ યાદવે કહ્યું હતું કે, હું હાલ કોરોનાની કોઈ જ રસી નહીં લઉં. હું ભાજપની કોરોનાની વેક્સિન પર વિશ્વાસ ના કરી શકું, જ્યારે અમારી સરકાર બનશે ત્યારે જ બધાને મફતમાં કોરોનાની વેક્સિન આપીશું. અમે ભાજપની વેક્સિન લગાવી શકીએ નહીં.

આજે કેન્દ્ર તરફથી પણ કોરોના વેક્સિનના રસીકરણ પર મહત્વની જાહેરાત કરવામાં આવી છે. દિલ્હીમાં કોરોના વેક્સિનેશનના ડ્રાઈ રનનું નિરીક્ષણ કર્યા બાદ સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને કહ્યું હતું કે, માત્ર દિલ્હી જ નહીં દેશભરમાં કોરોનાની વેક્સિન ફ્રીમાં લગાવવામાં આવશે.



## આઈઆઈએમ સંબલપુરના કેમ્પસનું વડાપ્રધાન મોદીએ ખાતમુહૂર્ત કર્યું

**આત્મનિર્ભરતા માટે ઈનોવેશન-ઈન્ટીગ્રિટી મદદરૂપ : મેનેજમેન્ટમાં સંયુક્ત રીતે, નવીનતા, પરિવર્તનશીલ વિચારો દ્વારા આત્મનિર્ભરતાના ધ્યેયને હાંસલ કરી શકાશે : મોદી**

સંબલપુર, તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેનેજમેન્ટનો નવો મંત્ર આપતા કહ્યું કે, ઈનોવેશન, ઈન્ટેગ્રિટી અને ઈંક્લૂઝન આત્મનિર્ભર ભારતના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે મદદરૂપ પરિબળો છે. શનિવારે પીએમ મોદીએ વર્ચ્યુઅલ કાર્યક્રમ દ્વારા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના સંબલપુરના કાયમી કેમ્પસનું ખાતમુહૂર્ત કર્યું હતું.

વડાપ્રધાને આ પ્રસંગે જણાવ્યું હતું કે મેનેજમેન્ટમાં સંયુકતરીતે, નવીનતા અને પરિવર્તનશીલ વિચારો દ્વારા જ આત્મનિર્ભર ભારતના ધ્યેયને હાંસલ કરી શકાશે.

ટેકનોલોજીની મદદથી પ્રદેશો વચ્ચેનું અંતર ઘટાડી શકાયું છે. વિશ્વમાં થઈ રહેલા પરિવર્તનને ધ્યાનમાં રાખીને ભારતે ડિજિટલ કનેક્ટિવિટી ક્ષેત્રે ઝડપી સુધારણા હાથ ધર્યા છે. હ્યુમન મેનેજમેન્ટની સાથે સાથે ટેક્નોલોજી મેનેજમેન્ટ પણ મહત્વનું છે. છેલ્લા એક દાયકામાં ભારતે નોંધપાત્ર ક્ષમતામાં ટેક્નોલોજીનો વિકાસ સાધ્યો છે જે કોવિડ ૧૯ના કપરા સમયમાં સાર્થક પુરવાર થયું હતું.



પીએમ મોદીએ કહ્યું કે, સમાવિષ્ટ વિકાસમાં પાછળ રહી જતા લોકોને સાથે લઈને ચાલવાની જવાબદારી યુવા વર્ગે લેવી જોઈએ. નવા મેનેજમેન્ટ કન્સેપ્ટ્સ અને ટેકનોલોજીની મદદથી સ્થાનિક ઉત્પાદનોને પણ વૈશ્વિક ઓળખ મળી શકે છે. દેશમાં આજના સ્ટાર્ટ-અપ્સ આવતીકાલની મલ્ટિ-નેશનલ કંપનીઓ હશે તેમ વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું. આ સાથે જ પીએમએ યુવાનોને દેશની મહત્વકાંક્ષાઓ મુજબ પોતાના ધ્યેયને સંરેખિત કરવા આહ્વાન કર્યું હતું.

આઈઆઈએણ સંબલપુર ઓડિશાને મેનેજમેન્ટના અભ્યાસમાં એક નવી ઓળખ પુરી પાડશે. આ ક્ષેત્રમાં હાથશાળ સહિત વિવિધ સ્થાનિક ઉત્પાદનોને વિશાળ તક પણ પ્રાપ્ત થઈ શકશે.

## કોંગીના વરિષ્ઠ નેતા બુટાસિંહનું ૮૬ વર્ષની વયે થયેલું નિધન

**બ્રેઈન હેમરેજ બાદ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા**

નવી દિલ્હી, તા. ૨

પૂર્વ કેન્દ્રીય ગૃહ મંત્રી કોંગ્રેસના વરિષ્ઠ નેતા બુટા સિંહનું શનિવારે વહેલી સવારે નિધન થયું છે. બ્રેઈન હેમરેજ થયા બાદ તેમને



દિલ્હી ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (એઆઈઆઈએમએસ)માં ગત ઓક્ટોબરમાં દાખલ કરાયા હતા. એઈમ્સમાં સારવાર દરમિયાન જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. ૮૬ વર્ષીય બુટા સિંહનું નિધન પરોઢીયે ૫.૩૦ કલાકે થયું હોવાનું તેમના પરિવારે જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સ્વર્ગસ્થ સિંહના નિધન બદલ પરિવારને સાંત્વના પાઠવી હતી.

બુટા સિંહ સૌપ્રથમ વખત ઉજ્જી લોકસભામાં સાધના બેઠકથી સાંસદ તરીકે ચૂંટાયા હતા.

**જોઈએ છે**

૫ થી ૧૦ વર્ષના અનુભવી એન્જિનીયર

ટાવરમાં ડ્રોઈંગ મુજબ કામ કરાવી શકે, બીલ ચેક કરી શકે તેવા

—● નરેશ પટેલ ●—

મો. ૯૮૨૫૯ ૪૫૩૪૬

FIGHT CORONA M. 90998 72551

સેનેટાઇઝ સર્વિસ

ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ

૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.

FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

આપના રીયલ એસ્ટેટ સ્કીમ, જેમ્સ એન્ડ જ્વેલરી કે અન્ય ધંધાના બહોળા પ્રચાર પ્રસિદ્ધિ ગાંધીનગર શહેર તેમજ આજુબાજુના વિસ્તારોમાં જુદા જુદા જાહેરાતના માધ્યમો દ્વારા જેવા કે...

હોર્ડીંગ્સ

ન્યૂઝપેપર

રેડિયો / ટીવી

ડોર ટુ ડોર કેમ્પેઈન

બસ સર્વિસ બ્રાન્ડિંગ

ઓટો બ્રાન્ડિંગ

થિયેટર બ્રાન્ડિંગ

સોશિયલ મીડિયા

એસએમએસ બ્રાન્ડિંગ

અન્ય માધ્યમો દ્વારા

અનુભવી માર્કેટિંગ પબ્લિસિટી ટીમ દ્વારા ખુબજ વ્યાજબી ભાવે અસરકારક પ્રચાર પ્રસિદ્ધિ માટે મળો.

સ્વસ્તિક કન્સલ્ટન્સી

410, Tangent Building , Above McDonaalds , Sargasan Cross Road, Gandhinagar.

Email ID : swastikconsultancy999@gmail.com M. 76988 39999 / 98985 91256